૫

અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની આદર્શ નિવાસી શાળાના મદદનીશ શિક્ષક (ઉચ્ચતર માધ્યમિક) વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓનું સંખ્યાબળ(કેડર સ્ટ્રેન્થ) નક્કી કરવા બાબત (કુલ-૧૧૭).....

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-મકમ/૧૦૨૦૧૪/૬૦૮૫૪૬/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:-૨૮/૧૦/૨૦૨૦.

વંચાણમાં લીધા:-

૧. આ વિભાગનો તા:૦૫/૦૫/૨૦૧૫નો સરખા ક્રમાંકનો ઠરાવ
૨. આ વિભાગનો તા:૦૭/૦૮/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૨૦૧૩/૮૧૩૭૦૪/ગ
૩. આ વિભાગનો તા:૩૦/૦૪/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: અનશ-૧૦૧૪-૮૭૫૬૮૯-ગ
૪. આ વિભાગનો તા:૨૬/૦૯/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૧૮/૬૫૬૩૧૯ (ન.બા.૧૧)/ગ
૫. આ વિભાગનો તા:૧૩/૧૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૧૮/૨૪૯૪/ન.બા.૨૨/ગ
૬. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા:૧૦/૧૨/૨૦૧૯નો પત્ર ક્રમાંક: અજાક/મકમ/૪/૨૫૩૮/૨૦૧૯/ક.

આમુખ:

આ વિભાગનાં વંચાણે લીધેલ ક્રમ:૧ પરના તા:૦૫/૦૫/૨૦૧૫ના ઠરાવથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની આદર્શ નિવાસી શાળાના મદદનીશ શિક્ષકો (ઉચ્ચતર માધ્યમિક) વર્ગ-૩ સંવર્ગનું સંખ્યાબળ કુલ-૧૦૨ નક્કી કરવામાં આવેલ છે.

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-૦૨ પરના તા:૦૭/૦૮/૨૦૧૪ના ઠરાવથી આદર્શ નિવાસી શાળા, આણંદમાં ધોરણ ૧૧ સામાન્ય પ્રવાહનો વર્ગ શરૂ કરવા મદદનીશ શિક્ષક (ઉચ્ચતર માધ્યમિક) (વર્ગ-૩)ની ૦૩ જગ્યા ઊભી કરવાની મંજૂરી મળેલ છે.

આ વિભાગનાં વંચાણે લીધેલ ક્રમ:૩ પરના તા:૩૦/૦૪/૨૦૧૫ના ઠરાવથી આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનો વર્ગ શરૂ કરવા મદદનીશ શિક્ષક (ઉચ્ચતર માધ્યમિક) (વર્ગ-૩)ની ૦૨ જગ્યા ઊભી કરવાની મંજૂરી મળેલ છે.

આ વિભાગનાં વંચાણે લીધેલ ક્રમ:૪ પરના તા:૨૬/૦૯/૨૦૧૯ના ઠરાવથી ૦૪ આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ ૧૧ સામાન્ય પ્રવાહનો વર્ગ શરૂ કરવા મદદનીશ શિક્ષક (ઉચ્ચતર માધ્યમિક) (વર્ગ-૩)ની ૦૮ જગ્યા ઊભી કરવાની મંજૂરી મળેલ છે.

આ વિભાગનાં વંચાણે લીધેલ ક્રમ:૫ પરના તા:૧૩/૧૧/૨૦૧૯ના ઠરાવથી સરકારી કન્યા આદર્શ નિવાસી શાળા, ભુજ-કચ્છ ખાતે ધોરણ ૧૧ સામાન્ય પ્રવાહનો વર્ગ શરૂ કરવા મદદનીશ શિક્ષક (ઉચ્ચતર માધ્યમિક) (વર્ગ-૩)ની ૦૨ જગ્યા ઊભી કરવાની મંજૂરી મળેલ છે.

વંચાણે લીધેલ ક્રમ:૬ પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા:૧૦/૧૨/૨૦૧૯ના પત્રથી આદર્શ નિવાસી શાળાઓમાં મદદનીશ શિક્ષક (ઉચ્ચતર માધ્યમિક)ની નવી મંજૂર થયેલ ૧૫ જગ્યા અન્વયે કુલ-૧૧૭ જગ્યાનું સંખ્યાબળ નકકી કરવા દરખાસ્ત કરેલ છે

ઠરાવ:

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની ઉક્ત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે, આદર્શ નિવાસી શાળા (અ.જા) હેઠળના મદદનીશ શિક્ષક (ઉચ્ચતર માધ્યમિક) વર્ગ-૩ સંવર્ગમાં નવી ૧૫ જગ્યાઓ ઊભી થતાં, હાલના ૧૦૨ના સંખ્યાબળમાં વધારો થતાં, મદદનીશ શિક્ષક (ઉચ્ચતર માધ્યમિક) (વર્ગ-૩) સંવર્ગનું સંખ્યાબળ ૧૧૭ આથી નિયત કરવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા:૧૯/૧૦/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં વિભાગ)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ)ના અંગત મદદનીશશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ૨/૧, કર્મયોગી ભવન, નિર્માણ ભવનની પાછળ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- પસંદગી ફાઇલ-૨૦૨૦.